# ટાટા પાવરની ક્લબ એનર્જીએ બાળ દિવસની ઉજવણી કરવા મહા જાગૃતિ રેલીનું આયેજન કર્યું હતું.



અમદાવાદ, ૧૬ નવેમ્બર, ૨૦૧૭ ક્લબ એનર્જી, ટાટા પાવરની રાષ્ટ્રવ્યાપી ચળવળ, જે રીતે દેશ ઉર્જા અને કુદરતી સ્ત્રોતનો ઉપયોગ કરે છે તેની રીત બદલી રહી છે, એક સમયે એક શહેર. આ પ્રયત્નમાં, બાળ દિવસ પર ટાટા પાવરની ક્લબ એનર્જીએ, મહા જાગૃતી રેલીનું અમદાવાદમાં આયોજન કર્યું હતું. ૧૦૦થી વધુ ઉત્સાહી વિદ્યાર્થીઓ એ તેમના વાલીઓ અને શિક્ષકો સાથે સંત કબીર સ્કુલ નારણપુરા માંથી શેરીઓમાં જઈને અમદાવાદના શહેરીજનો ને થુંકીને, ખોરાકનો બગાડ કરીને, અને ઉર્જા બચત કરીને જેવા વિષયો પર જાગૃતી નો સંદેશો ફેલાવ્યો હતો. ૨૦૦૦થી વધુ લોકોને આ રેલીમાં જાગૃત કરવામાં આવ્યા હતાં.૨૦૧૬-૧૭માં ક્લબ એનર્જીની જુદી જુદી રેલીઓ અને પહેલ દ્વારા, અમદાવાદના વિદ્યાર્થીઓએ આશરે ૧,૫૪,૯૧૧ શહેરીજનોને પ્રાઈમરી કોન્ટેક પ્રોગ્રામ દ્વારા અને સેકેન્ડરી સેન્સેટાઈઝેશન દ્વારા જાગૃત કર્યા છે અને ૪,૦૧,૮૩૫ યુનીટની ઉર્જાનો શહેરમાં બચાવ કર્યો છે.બાળ દિવસ પર રેલીનો ઉદ્દેશ અમદાવાદમાં વધુ લોકોને સ્વ ચોખ્ખાઈ, સામાજીક જીવન અને ઉર્જા બચત અંગે જાગૃત કરવાનો હતો. વિદ્યાર્થીઓ અને શિક્ષકો એ શ્રીમતી નીતુ ઠક્કર, જે ટાટા પાવર ક્લબ એનર્જીના એનર્જી મેન્ટર છે તેમની મેન્ટરશીપ હેઠળ તેમને શેરી નાટક હેવમોર કોર્નર, વસ્ત્રાપુર લેક સામે યોજ્યું હતું, જેમાં ભારે ભીડ જોવા મળી હતી. નાટક સ્વચ્છતા જાળવવા પર હતું અને આજુ બાજુમાં ચોખ્ખાઈ રાખવા પર હતું જે થુંકવાનું છોડી, અને ખોરાકનો બગાડ અટકાવી જાડવી શકાય છે.

સ્કીટનો અંત ઉર્જા બચત પર ગીત સાથે પુર્ણ થયું હતું જે જીવનના દરેક પડને દર્શાવે છે. વિદ્યાર્થીઓ એ મનોરંજક નાટક બાદ રેલી કાઢી હતી જે હેવમોર કોર્નરથી અમદાવાદના સૌથી ચાહિતા વન મોલ સુધી યોજી હતી. બાળકોએ તેમનું પ્રદર્શન ગુલમોહર મોલ માં પણ કર્યું હતું.આ પહેલ વિશે વાત કરતાં, શ્રી અનીલ સરદાના, એમડી અને સીઈઓ, ટાટા પાવર જણાવે છે કે "અમે અમદાવાદના દરેક બાળક ને હેપી ચીલ્ડ્રન્સ ડે ની શુભેચ્છા પાઠવીએ છે. અમે આ ઉર્જા બચતના યુવા ચેમ્પીયનોના આભારી છીએ કે જેમણે દેશ જે રીતે વિજળીનો અને કુદરતી સ્ત્રોનો વપરાશ કરી રહ્યો છે તેની રીત બદલવામાં મદદ કરી રહ્યાં છે. આજના બાળકો વિશ્વનું ભવિષ્ય છે અને તેમનું પર્યાવરણના બચાવ માટેનું યોગદાન અમૂલ્ય છે. હું વિદ્યાર્થીઓ અને સંત કબીર કાર્યક્રમો માટે શુભેચ્છા પાઠવું છું."